જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૧૯૫/૧૮**

વાસણા પોલીસ સ્ટેશન :

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીજન, અમદાવાદ શહેર તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી તથા ઇન્ચા.પો.ઇન્સ.શ્રી એ.યુ.ટાપરીયા, વાસણા પોલીસ સ્ટેશન નાઓએ આપેલ સુચના આધારે પો.સબ.ઇન્સ.એમ.બી.પટેલ તથા પો.કોન્સ.આલીંગભાઇ બાબાભાઇ બ.નં.૧૩૨૧૬, લો.ર.ચંદ્રસિંહ કહળસિંહ બ.નં.૩૦૧, પો.કોન્સ.સહદેવસિંહ ગજેન્દ્રસિંહ બ.નં.૧૦૦૩૭, પો.કોન્સ.ખોડુભાઇ જોરસંગભાઇ બ.નં.૯૨૨૨, પો.કોન્સ.ભાનુભાઇ વજુભાઇ બ.નં.૧૦૦૦૮, પો.કોન્સ.રસીકભાઇ નાથાભાઇ બ.નં.૧૦૨૬૭, પો.કોન્સ.કલ્પેશભાઇ વાલજીભાઇ બ.નં.૦૮૪, પો.કોન્સ.મહેન્દ્રસિંહ રણજીતસિંહ બ.નં.૩૫૦ તથા પો.કોન્સ.અજયસિંહ કરણસિંહ બ.નં.૧૦૦૯૯ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૫/૩૦ વાગે ચંદ્રનગર, પી.ટી.કોલેજ રોડ, રંગસાગર ફ્લેટ પાસે પહોંચતા પો.કોન્સ.આલીંગભાઇ બાબાભાઇ બ.નં.૧૩૨૧૬, લો.ર.ચંદ્રસિંહ કહળસિંહ બ.નં.૩૦૧, પો.કોન્સ.સહદેવસિંહ ગજેન્દ્રસિંહ બ.નં.૧૦૦૩૭ નાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે વાસણા, પી.ટી.કોલેજ રોડ, રંગ સાગર ફ્લેટ ની સામે આવેલ, પનામા સોસાયટી મકાન નં.૧૦/એ માં રહેતો ધ્રુવ શાહ નામનો છોકરો પોતાની કબજાની ગોલ્ડન કલરની હોન્ડા સીટી કાર નં.GJ-07-AG-4215 માં ભરી લાવી અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં વેચવા માટે જવાનો છે જે બાતમી હકિકત આધારે આરોપી ધ્રુવ સંજયભાઇ શાહ ઉવ.૧૯ રહે : ૧૦/એ, પનામા સોસાયટી, રંગ સાગર ફ્લેટની સામે, પી.ટી.કોલેજ રોડ, ચંદ્રનગર, વાસણા, અમદાવાદ નો પોતાના ઘર આગળ પનામા સોસાયટીની કોટ પાસે રાખેલ પોતાના કબજાની ગોલ્ડન કલરની હોન્ડા સીટી ગાડી નં.GJ-07-AG-4215 માં જુદી જુદી બ્રાન્ડની ઇંગ્લીશ દારુની સીલબંધ બોટલ કુલ નંગ-૧૧૦ કિ.રૂ.૪૭,૬૦૦/ નો જથ્થો રાખી હોન્ડા સીટી કાર કિ.રૂ.૧,૫૦,૦૦૦/ ની મતાની સાથે મળી આવેલ તેમજ આ પકડાયેલ આરોપીએ અન્ય આરોપી ધવલ રાજેશભાઇ શાહ રહે : મકાન નં.૮૦, ચંદ્રશીલા સોસાયટી, વાસણા બેરેજ રોડ, વાસણા અમદાવાદ નાઓ પાસેથી સદરી દારુનો જથ્થો ખરીદ કરેલ હોય જે આરોપીની તપાસ કરતા આરોપી ધવલ રાજેશભાઇ શાહ નો મળી આવેલ નહી પરંતુ તેના રહેણાંકની ચંદ્રશીલા સોસાયટીના કંપાઉન્ડમાંથી આરોપી ધવલ રાજેશભાઇ શાહ ના કબજાની મળી આવેલ ફોર્ડ ફીગો કાર નં. GJ-01-KR-6561 માં જુદી જુદી બ્રાન્ડની ઇંગ્લીશ દારુની સીલબંધ બોટલ કુલ નંગ-૭૪ કિ.રૂ.૨૯,૬૦૦/ નો જથ્થો તથા ફોર્ડ ફીગો કાર કિ.રૂ.૩,૦૦,૦૦૦/ ની મતાની મળી ઇંગ્લીશ દારુની જુદી જુદી બ્રાન્ડની સિલબંધ બોટલ કુલ નં.૧૮૪ કુલ કિ.રૂ.૭૭,૨૦૦/ ના જથ્થો તથા હોન્ડા સીટી કાર અને ફોર્ડ ફિગો કાર કુલ કિ.રૂ.૪,૫૦,૦૦૦/ મળી કુલ રૂ.૫,૨૭,૨૦૦/ ના મુદ્દામાલ સાથે આરોપી ધ્રુવ સંજયભાઇ શાહ ને પકડી પાડી આજરોજ તા.૨૯/૧/૨૦૧૮ ના રોજ વાસણા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૦૧૦/૨૦૧૮ ધી પ્રોહીબીશન એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(૧)(બી), ૮૧, ૯૮(૨) મુજબ નો પ્રોહીબીશનનો ક્વોલીટી કેસ શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે.

<u>એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :</u>

આજ રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કૉડના પ્રો. પો.સ.ઈ. એ.પી.જેબલીયા નાઓ સ્ટાફના હે.કો. રણજીતસિંહ લક્ષ્મણસિંહ તથા હે.કો. રાજીવકુમાર આનંદરાવ તથા પો.કો. ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા પો.કો. અખિલેશકુમાર જગદીશભાઈ તથા પો.કો. તુષારગીરી રાજેન્દ્રગીરી તથા પો.કો. અલ્પેસસિંહ પ્રવિણસિંહ એ રીતેના સ્ટાફના માણસોને મદદનીશ પોલીસ કમિશ્નર એમ ડિવીઝન અમદાવાદ શહેર તથા સિની. પોલીસ ઈન્સ. શ્રી એ.એસ.પટેલ સાહેબ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા અને પેરોલ જમ્પ વાળા આરોપીઓને પકડી પાડવા સારૂ કરેલ સુચના માર્ગદર્શન મુજબ પેટ્રોલીંગમાં પોલીસ સ્ટેશન વિસતારમા હાજર હતાં. દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો. અખિલેશકુમાર જગદીશભાઈ નાઓની ચોકકસ બાતમી હકીકત આધારે હોટલ કિંગ પેલેસમાં થયેલ બળાત્કાર તથા ખુનના ચકચારી ગંભીર પ્રકારના કેસનો આરોપી ૫૪૪૫/૧૫ ક્રિષ્ણાભાઈ ઉર્ફે લલ્લા જયેશભાઈ વસૈયા ઉવ.૨૧ રહે, બી/૪૬ પિટેલેશ્વર સોસાયટી ચૈનપુર ગામ સાબરમતી અમદાવાદ શહેર નાનો રાણીપ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૬૪/૧૫ ઈપીકો કલમ ૩૦૨ , ૩૭૬ મુજબના ગુનાના કામે તા. ૧૭/૦૭/૧૫ ની સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે કાચા કામના આરોપી ૫૪૪૫/૧૫ તરીકે જ્યુડીશીયલ કસ્ટડીમાં હતો. અને તા. ૧૮/૧૦/૧૭ થી તા. ૨૧/૧૦/૧૭ સુધીના દિન-૩ ના વચગાળા જામીન પર છુટેલ હોય અને તા. ૨૨/૧૦/૧૭ ના રોજ હાજર થવાનું હોય જે રજા પુર્ણ થતાં છેલ્લા ત્રણ માસથી હાજર થયેલ નહીં અને પેરોલ જમ્પ થઇ ફરાર થઇ ગયેલ જે નસ્તા ફરતા પેરોલ જં કરેલ આરોપી ૫૪૪૫/૧૫ ક્રિષ્ણાભાઈ ઉર્ફે લલ્લા જયેશભાઈ વસૈયા ઉવ.૨૧ રહે, બી/૪૬ પિટેલેશ્વર સોસાયટી ચૈનપુ ગામ સાબરમતી અમદાવાદ શહેર નાને ખાનગી બાતમી હકિકત આધારે ગાંધીગ્રામ રેલવે સ્ટેશન આગળથી આજ રોજ તા ૨૯/૦૧/૧૮ ના કલાક ૧૪/૪૦ વાગે અટક કરી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપી એલીસબ્રીજ પો.સ્ટે પો.સ.ઈ. શ્રી તથા સ્ટાફના માણસોએ ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે.

<u>અમરાઇવાડી પોલીસ સ્ટેશન :</u>

મે.પો.કમી.શ્રી અમદાવાદ શહેર નાઓના ફરમાન મુજબ અધીક પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ અને મદદનીશ પો.કમી.શ્રી આઈ ડીવીઝન સાહેબનાઓ તરફથી મળેલ સુચના આધારે અને અમરાઈવાડી પો.સ્ટે સીનીયર પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ ના માર્ગદર્શન હેઠળ ઝોન-૫ સ્કોડ ના પો.સ.ઈ એમ.એચ.યાદવ તથા સ્કોડના માણસો તથા અમરાઈવાડી પોલીસ સ્ટેશનના સર્વે સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ ડી.આઈ.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા દરમ્યાન ઝોન-૫ સ્કોડના પો.કો કનુભાઈ બાબુભાઈ તથા પો.કો કીરીટસિંહ રણજીતસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે અમરાઈવાડી સતાધાર રોડ સંતોષીનગરની ચાલીના નાકે જાહેરમાં (૧) અલગ અલગ બ્રાન્ડની ઈગ્લીશ દારૂ ની બોટલ નંગ ૧૩૦ તથા (૨)બીયરના ટીન નંગ:૨૧૬ તથા (૩)સી.એન.જી રીક્ષા નં. નં જીજે.૨૭.વી.૫૭૯૫ તથા જીજે.૧.સીટી.૭૬૫ તથા (૪)આઈ ટ્વેન્ટી ફોરવ્હીલ ગાડી નં. જીજે.૨૭.બીએલ.૪૯૮૦ મળી કુલ્લે કીમત રૂપીયા ૭૯૮૦૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નિમેષ ઉર્ફે લાલો રાજેન્દ્રભાઈ પટેલ ઉવ:૨૬ રહે:બી/૮૬ ભગવતીનગર અંબીકારોડ અશ્વમેઘ સ્કુલ સામે અમરાઈવાડી અમદાવાદ શહેર મુળવતન ગામ:ગવાડા તા:વિજાપુર જી:મહેસાણા ને આજરોજ તારીખ:૨૯/૦૧/૨૦૧૮ ના કલાક ૧૬/૩૦ વાગ્યે પકડી અટક કરી વોન્ટેડ આરોપી નં.૨ અભિષેક ઉર્ફે બીટ્ટુ રાજપુત રહે:સોળ ઓરડીની ચાલી સતાધાર રોડ અમરાઈવાડી અમદાવાદ નો સ્થળ પરથી ભાગી ગયેલ હોય જે આધારે કાયદેસરની કાર્યવાહી કરી અમરાઈવાડી પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.૫૦૨૩/૧૮ થી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૧)બી,૮૧,૯૮(૨) મુજબ ગુનો દાખલ કરેલ છે.તારીખ:૨૯/૦૧/૨૦૧૮

<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>

અમો તા.૨૯/૦૧/૨૦૧૮ ના રોજ મે.અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૦૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૦૪ અમદાવાદ શહેર તથા અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી " એફ " ડીવિઝન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૭/૨૦૧૮ ધી ઈ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં આરોપીઓની તપાસમાં હતા દરમિયાન આ ગુનાનો આરોપી અનિલભાઈ S/O ગુલાબભાઈ પટણી(નાનીયાવાળા) ઉ.વ.૧૯ ધંધો.મજુરી રહેવાસી: પટણીનગર સોસાયટી, ઘંટી બસ સ્ટેન્ડ પાસે, ચમનપુરા-ઓમ નગર રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર. મુળવતન: સિધ્ધપુર, તા.સિધ્ધપુર, જી.પાટણ નાનો સંતોષીમાતાના સર્કલ પાસે હોવાની બાતમી આધારે તપાસ કરતા મળી આવતા- સદરી આરોપીને પો.સ્ટે.લાવી તા.૨૯/૦૧/૨૦૧૮ ના કલાક: ૧૭/૦૦ વાગ્યે ઉપરોક્ત ગુનામાં અટક કરી મુદ્દામાલ રીકવર કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.